Department of Health

Llywodraeth Cymru
Welsh Government

# નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનોનું વેચાણ કરવાની ઉંમર

## ચિલ્ડ્રન એન્ડ ફેમિલિઝ એક્ટ 2014 હેઠળ બનાવવામાં આવનારાં પ્રાસ્તાવિક નિયમનો (રેગ્યુલેશન્સ) ઉપર મંત્રણા

ડિસેમ્બર 2014

# અનુક્રમણિકા


1. આ મંત્રણાનો હેતુ ..... 4
2. પાર્શ્વભૂમિકા ..... 6
   - ઈ-સિગરેટ્સ ..... 6
   - લાઈસન્સ પ્રાપ્ત ઉત્પાદનો ..... 7
   - ઈ-સિગરેટ્સનો વપરાશ ..... 8
   - તમાકુના ધૂમ્રપાન સાથેનું જોડાણ ..... 9
   - નિકોટીનની અસરો ..... 10
3. સૂચિત નિયમનોની વિગતો ..... 11
   - નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનોની વ્યાખ્યા કરવી ..... 11
   - તબીબી ઉત્પાદનો અથવા તબીબી સાધનો ..... 11
   - ઈ-સિગરેટ્સની બીજી વ્યક્તિના વતી – પ્રોક્સી - ખરીદી ..... 12
   - ગુના અને દંડ ..... 13
     - વેચાણની ઉંમર ..... 13
     - પ્રોક્સી ખરીદી ..... 14
   - અમલબજાવણી ..... 14
4. નિયમનોનો પ્રાંતિય અવકાશ ..... 14
5. અસરનું મૂલ્યાંકન ..... 15
6. મંત્રણામાં કેવી રીતે સંકળાવું ..... 16
7. પ્રતિસાદ આપનારાંનું તમાકુ ઉદ્યોગ સાથે સીધી કે આડકતરી રીતે જોડાણ હોવાનું જાહેરનામું ..... 17
8. આગામી પગલાં ..... 17
9. મંત્રણાની પ્રક્રિયા પર ટીપ્પણીઓ ..... 17
10. માહિતીની ગુપ્તતા ..... 19

સૂચી A ..... 20
   - ચિલ્ડ્રન અને ફમિલીસ માટેના ધારાસભાના 2014ના કાયદા અનુસાર કાચો મુસદ્દો તૈયાર કરવાનો છે ..... 20

સૂચી B ..... 24
   - પ્રાસ્તાવિક નિયમનો તેમજ વ્યવસાયો પર પડનારી અસરોના મૂલ્યાંકન વિશે મંત્રણાના પ્રશ્નો ..... 24

# 1.આ મંત્રણાનો હેતુ

1.1. નિકોટીન સૂંઘી શકાય તેવી વસ્તુઓ (કે ઉત્પાદનો) જેમ કે ઈલેક્ટ્રોનિક સિગરેટો (જે ઈ-સિગરેટ તરીકે પણ ઓળખાય છે) તેમજ તેવાં સાધનોને લગતાં બીજા ભાગોનું વેચાણ કરવા માટેની ઓછામાં ઓછી ઉંમર 18 વર્ષ કરવાની શરૂઆત કરવા માટેના નિયમનોના કાચા દસ્તાવેજ – ડ્રાફ્ટ ઉપર મંતવ્યો મેળવવાનો આ મંત્રણાનો હેતુ છે.

1.2. તાજેતરનાં વર્ષોમાં પ્રચલિત થયેલી ઈ-સિગરેટો, તેમજ તેની સાથે બાળકોમાં આવી વસ્તુઓ વિશે વધેલી જાણકારી તેમજ તેના ઉપયોગને લગતી ચિંતાઓ જોતાં, સરકાર આવી વસ્તુઓનું વેચાણ કરવા માટેની ઉંમરની આવશ્યકતા નક્કી કરવા માટે કટીબદ્ધ છે. ચિલ્ડ્રન એન્ડ ફેમિલિઝ એક્ટ 2014 (‘એક્ટ’) નિકોટીનનાં ઉત્પાદનોનું વેચાણ કરવા માટેની ઓછામાં ઓછી ઉંમર દાખલ કરવાનાં નિયમનો બનાવવાની સેક્રેટરી ઓફ સ્ટેટને સત્તા આપે છે.

1.3. આ સૂચિત નિયમનોના હેતુસર ‘નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનો’ એટલે કે એવું કોઈ પણ સાધન, જે મોઢામાં મૂકીને તેના મારફતે નિકોટીન સૂંઘવા માટે વાપરી શકાય તેવું હોય. તેમાં ઈ- સિગરેટો (વાપરીને ફેંકી દેવાની અને ફરીફરીથી વાપરી શકાય તેવી બંને પ્રકારની) તેમજ તેના કેટલાક ભાગો, જેમ કે નિકોટીન રીફીલ કાટ્રીજો અને નિકોટીન રીફીલના પદાર્થો, જેમને ઘણી વાર ‘ઈ-લિક્વીડ’ કહેવાય છે.

1.4. આ સૂચિત નિયમનો તમાકુનાં ઉત્પાદનોને લાગુ પડશે નહિ, કારણ કે તેના વેચાણની ઉંમરને લગતો કાયદો પહેલેથી જ અમલમાં છે. આ નિયમનો નિકોટીન સૂંઘવા માટેની વસ્તુઓ પર જ લાગુ પડતા હોવાથી, તેમાં બીજાં ઉત્પાદનો આવરી લેવાશે નહિ, જેમાં કુદરતી રીતે થોડું નિકોટીન મળી આવતું હોય, જેમ કે કેટલાંક ફળો અને શાકભાજી. તેમ છતાં, નિયમનો બનાવવાની સત્તાથી સરકાર ભવિષ્યમાં કદાચ સમય જતાં શોધ થઈ શકે તેવાં નિકોટીન મળતું હોય તેવાં બીજાં પદાર્થો માટેની જોગવાઈઓ પણ બનાવી શકે છે.

1.5. સૂચિત નિયમનોનો ઉદ્દેશ આ હશે:

- ઈ -સિગરેટ જેવાં નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનોનું વેચાણ માત્ર પુખ્ત વયનાં લોકો સુધી સીમીત રાખવું, જેમાં તબીબી ઉત્પાદનો માટે કેટલાક આપવાદો રાખવામાં આવે
- બાળકોનું નિકોટીનની લત લાગવા સામે તેમજ વિકસી રહેલાં કિશોરાવસ્થાનાં મગજ ઉપર નિકોટીનની જે અસરો પડી શકે તેની સામે તેમનું રક્ષણ કરવું
- નિકોટીન સૂંઘવાની વસ્તુઓના વપરાશમાંથી તમાકુનું ધૂમ્રપાન શરૂ કરવાની સંભવિત અસરો સામે બાળકો અને યુવાન લોકોનું રક્ષણ કરવું

1.6. સૂચિત નિયમનોઃ

- નિકોટીન સૂંઘવાની વસ્તુઓ (જેમ કે ઈ-સિગરેટો) અને તેને લગતી અન્ય વસ્તુઓ 18 વર્ષથી ઓછી ઉંમરનાં લોકોને વેચવાનું ગુનો બનાવશે
- એક્ટમાં તમાકુના 'પ્રોક્સી વેચાણ'ને લગતા ગુનાનો વિસ્તાર કરીને તેમાં ઈ- સિગરેટોને આવરી લેશે, જેથી 18 વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિના વતી બીજી કોઈ પુખ્ત વ્યક્તિ નિકોટીન સૂંઘવાની વસ્તુઓ ખરીદે તે પણ ગુનો ગણાશે
- દવા તરીકે જેને લાઈસન્સ આપવામાં આવેલું હોય, જ્યાં તે બાળક માટે લખી આપવામાં આવી હોય અથવા તે દવા બાળકોના વપરાશ માટે હોવાનું સૂચવેલું હોય, તેવી નિકોટીન સૂંઘવાની વસ્તુઓના વેચાણને તેમાંથી મુક્તી અપાશે

1.7. આ સૂચિત નિયમનો વિશે વિભાગ 3 માં વધારે વિગતવાર સમજાવેલું છે.

1.8. આ મંત્રણામાં સૂચવવામાં આવેલ વેચાણ માટેની ઉંમર ઈંગ્લેન્ડ અને વેલ્સમાં લાગુ પડશે અને તે વેલ્શ મંત્રીઓ દ્વારા આપવામાં આવનારી આવશ્યક મંજૂરીને અધીન રહેશે.

1.9. નિકોટીન સૂંઘવાની વસ્તુઓના વેચાણ માટેની ઉંમરને લગતાં નિયમનો શરૂ કરવા માટે આગળ વધવાનો સરકારનો ઈરાદો છે. આ મંત્રણામાં સૂચિત નિયમનોની વિગતો પર મંતવ્યો માગવામાં આવ્યાં છે જેથી નિયમનોને આખરી સ્વરૂપ આપતાં પહેલાં, આમાં રસ ધરાવનારાં લોકો તરફથી તેમાં મળેલા અભિપ્રાયો ધ્યાનમાં લઈ શકાય. નિયમનો બનાવવામાં આવે તે પહેલાં સંસદ તેના ઉપર વિચારણા કરશે.

1.10. અમે સૂચિત નિયમનો ઉપર મંતવ્યો Annex A માં માગ્યાં છે અને મંત્રણાના કેટલાક ચોક્કસ પ્રશ્નો પરના પ્રતિસાદો Annex B માં માગ્યા છે.

1.11. આની ધંધાઓ પર પડનારી અસરોના અમારા પ્રારંભિક મૂલ્યાંકન ઉપર તેમજ સમાનતા પૃથક્કરણ ઉપર પણ અમે મંતવ્યા માગ્યાં છે જે બંને આ મંત્રણાના દસ્તાવેજની સાથે પ્રકાશિત કરવામાં આવ્યા છે.

# 2. પાર્શ્વભૂમિકા

2.1. ટૂંકમાં, સરકાર વેચાણ માટેની ઉંમરની મર્યાદા શરૂ કરી રહી છે કારણ કેઃ

- લત લાગવા સામે બાળકોનું રક્ષણ કરવામાં આવવું જોઈએ
- કિશોરાવસ્થામાં નિકોટીનના વપરાશથી મગજના વિકાસ પર અસર પડી શકે છે
- બાળકોમાં ઈ-સિગરેટના વપરાશ અને તે વિશેની જાણકારી વધી રહી છે
- બાળકો માટે ઈ-સિગરેટ આકર્ષક લાગી શકે છે
- અમને ચોક્કસપણે ખબર નથી કે ઈ-સિગરેટ તમાકુના ઉપયોગ પ્રતિ દોરી જઈ શકે છે કે નહિ
- ઈ-સિગરેટના વપરાશની બાળકોના વિકસી રહેલાં ફેફસાં ઉપર શું અસર પડી શકે તેની અમને ખબર નથી
- વેચાણની ઉંમરને લગતી હાલની અચોક્કસતાઓ સરકાર દૂર કરવા માગે છે અને ઉત્પાદકો તેમજ વેચાણકારોને સહાયતા કરવા માટે સ્પષ્ટતા તેમજ ચોક્કસપણું પૂરું પાડવા માગે છે

2.2. સરકાર સ્વીકારે છે કે જવાબદાર ઉત્પાદકો પહેલેથી જ ભલામણ કરે છે કે તેમનાં ઉત્પાદનો માત્ર પુખ્ત વયનાં લોકોના વપરાશ માટે છે. જવાબદાર વેચાણકારો પોતે સ્વેચ્છાએ જ બાળકોને ઈ-સિગરેટ ખરીદતાં રોકે છે. પરંતુ કેટલાંક વેચાણકારો તેમ કરતાં નથી. ઈ-સિગરેટનાં અનેક ઉત્પાદકો અને વેચાણકારોએ તેના વેચાણ માટેની ઓછામાં ઓછી ઉંમરની શરૂઆત કરવાની માગ કરી છે.

2.3. નિકોટીન સૂંઘવાની વસ્તુઓના વેચાણ માટેની ઉંમરની મર્યાદાનો અમલ કરવામાં વેચાણકારોને ટેકો આપવા માટે ,આ સૂચિત નિયમનો એવી રીતે બનાવવામાં આવ્યાં છે જેથી તે હાલની તમાકુના વેચાણની ઉંમરની તેમજ અન્ય ઉંમરની મર્યાદાવાળી વસ્તુઓના વેચાણની આવશ્યકતાઓ સાથે મેળ બેસે તેવાં હોય.

## ઈ-સિગરેટ્સ

2.4. તાજેતરનાં વર્ષોમાં, ઈ-સિગરેટનું બજાર અત્યંત ઝડપથી વિકસ્યું છે. આજે બજારમાં અનેક જુદા જુદા પ્રકારની અને બ્રાન્ડની ઈ-સિગરેટો મળી શકે છે.

2.5. ઈ-સિગરેટ ઉપર પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડ (PHE) દ્વારા તૈયાર કરાવવામાં આવેલ એક અહેવાલ મુજબ, હવામાં બાષ્પીભવન થતા નિકોટીનના સૂંઘવામાં આવતા ડોઝ લેવા માટે ઈ-સિગરેટ્સની શોધ 2003માં ચીનમાં કરવામાં આવી હતી. લગભગ 2005માં યુરોપમાં પહેલીવાર ઈ-સિગરેટ્સ શરૂ કરવામાં આવી હતી અને ત્યારથી તેની પ્રચલિતતા વધી રહી છે. આ વસ્તુઓમાં ઘણા

નોંધપાત્ર પ્રમાણમાં સુધારા થયા છે.[1] એક્શન ઓન સ્મોકિંગ એન્ડ હેલ્થ (ASH) ઈલેક્ટ્રોનિક સિગરેટ્સનું નીચે મુજબ વર્ણન આપે છે:

> *ઈલેક્ટ્રોનિક સિગરેટ્સને વેપરાઈઝર અથવા ઈલેક્ટ્રોનિક નિકોટીન ડિલિવરી સિસ્ટમ (ENDS) તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ઘણીવાર, જો કે હંમેશાં નહિ, સિગરેટ જેવાં જ દેખાય અને અનુભવાય તેવી રીતે બનાવવામાં આવેલ હોય છે. તે સિગરેટ કરતાં ઓછાં નુક્સાનકારક હોવા તરીકે અને જે સ્થળોમાં ધૂમ્રપાનની મંજૂરી ન હોય ત્યાં તે વાપરી શકાય તેવાં હોવાનો પ્રચાર કરવામાં આવે છે કારણ કે તેમાંથી ધુમાડો નીકળતો નથી.*
>
> *ત્રણ મુખ્ય પ્રકારની ઈલેક્ટ્રોનિક સિગરેટો અથવા વેપરાઈઝર હોય છે:*
>
> - *ડિસ્પોઝેબલ પ્રોડક્ટ્સ (એકવાર વાપરીને ફેંકી દેવાય તેવી) (ફરીથી ચાર્જ ન કરી શકાય તેવી)*
> - *ઈલેક્ટ્રોનિક સિગરેટ કિટ, જેમાં પહેલેથી ભરેલી કાટ્રીજો બદલી શકાય છે અને તેવી રીતે તેને ફરીથી ચાર્જ કરી શકાય છે*
> - *ઈલેક્ટ્રોનિક સિગરેટ જે ફરીથી ચાર્જ કરી શકાય છે અને તેમાં એક ટેન્ક અથવા રેઝવોયર હોય છે જેમાં પ્રવાહી નિકોટીન ભરવાનું હોય છે*
>
> *પહેલા બે પ્રકારની ઈલેક્ટ્રોનિક સિગરેટોને ઘણીવાર 'સિગાલાઈક" પ્રોડક્ટ્સ કહેવાય છે અને ઘણીવાર તેના છેડે એક લાઈટ હોય છે, જે વાપરનાર વ્યક્તિ જ્યારે તે સાધન ફૂંકે છે ત્યારે સળગતી સિગરેટ જેવી દેખાય છે.*[2]

2.6. બજારમાં મળતી મોટાભાગની ઈ-સિગરેટ્સ જુદા જુદા સ્વાદની હોય છે ઈ-સિગરેટ્સ અનેક જુદા જુદા સ્વાદમાં મળી શકે છે, જેમાંથી કેટલીક તો બાળકોને ભાવે તેવા હોય છે (જેમ કે ચેરી કોલા, સફેદ ચોકલેટ, બબલ ગમ, વેનીલા આઈસ્ક્રીમ, શક્તિ આપતાં પીણાં તેમજ ગમી બેર સ્વાદ).

## લાઈસન્સ પ્રાપ્ત ઉત્પાદનો

2.7. નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનોને જો MHRA દ્વારા દવા તરીકેનું લાઈસન્સ આપવામાં આવ્યું હોય તો જ માત્ર ધૂમ્રપાન છોડવામાં સહાયતા કરતી વસ્તુઓ તરીકે બજારમાં જાહેરાત કરી શકાય છે.[3] જો કે ઈ-સિગરેટ બનાવતી અનેક કંપનીઓએ જાહેરમાં કહ્યું છે કે તેઓ તેમનાં ઉત્પાદનો માટે દવા તરીકેનું લાઈસન્સ મેળવવાની અરજી કરશે અથવા તેમણે તે અરજી કરેલી છે, હાલમાં આવું લાઈસન્સ માત્ર બે જ ઉત્પાદનોને આપવામાં આવેલું છે જે નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનોની વ્યાખ્યા પૂરી કરે છે: *Voke* અને *Nicorette Inhalator*

2.8. દવા તરીકે નિયંત્રીત કરવામાં આવતી નિકોટીન સૂંઘવાની વસ્તુ, જેમ કે નિકોટીન રીપ્લેસમેન્ટ થેરપિ 18 વર્ષથી નાની ઉંમરનાં બાળકોને વેચવા માટે મળી શકશે, જો (a) તે માન્ય પ્રીસ્ક્રીપ્શનની

સાથે તે મુજબ વેચવામાં આવી હોય (કોઈ પણ વર્ગની) અથવા (b) તે વસ્તુની દવા તરીકેની બજારમાં જાહેરાતમાં અધિકૃત રીતે જણાવવામાં આવેલ હોય કે તે 18 વર્ષથી નાની ઉંમરની વ્યક્તિના વપરાશ માટે છે.

2.9. લાઈસન્સ પ્રાપ્ત દવાઓ માટેના નિયંત્રણના કાનૂની નિયમો અલગ હોય છે જેમાં જાહેરાતો ,વસ્તુની રજૂઆત, તે દવાઓ કોને આપી શકાય તેમજ તેના વેચાણ અને પુરવઠાને લગતી બીજી બાબતોને આવરી લેવામાં આવે છે.

## ઈ-સિગરેટ્સનો વપરાશ

2.10. ઈ-સિગરેટ્સ વધુને વધુ લોકપ્રિય બની રહી છે અને હવે તેનો વ્યાપકરૂપે પ્રચાર કરવામાં આવે છે. ASH નો અંદાજ છે કે હાલમાં ગ્રેટ બ્રિટનમાં લગભગ 2.1 મિલિયન પુખ્ત લોકો ઈ-સિગરેટ્સ વાપરે છે, 2012માં અંદાજે 700,000 માંથી થયેલો આ વધારો છે.[4] જો કે ઈંગ્લેન્ડ અને વેલ્સમાં 18 વર્ષથી ઓછી ઉંમરનાં લોકોમાં આ વસ્તુઓનો વપરાશ એટલો બહોળો નથી, તેમ છતાં આંતરરાષ્ટ્રિય પુરાવા સુચવે છે કે યુવાન લોકોમાં ઈ-સિગરેટ્સનો વપરાશ વધી શકે તે માનવા યોગ્ય છે.

2.11. ઉભરી રહેલા પુરાવા સૂચવે છે કે બ્રિટિશ બાળકોમાં ઈ-સિગરેટ્સ વિશેની જાણકારી ઘણી વધારે છે. ઈ-સિગરેટના વપરાશ અને તેના વ્યાપારી પ્રચાર ઉપર PHE દ્વારા કરવામાં આવેલ એક અહેવાલમાં જાણવા મળ્યું હતું કે ગ્રેટ બ્રિટનમાં 11 થી 18 વર્ષની ઉંમરનાં બે તૃતીયાંશ (66%) બાળકોએ ઈ-સિગરેટ્સ વિશે સાંભળ્યું છે. લગભગ 7% એ ઓછામાં ઓછી એક વાર તે ચાખી હોવાનું અને 2% એ ક્યારેક અથવા ઘણીવાર તે વાપરી હોવાનું જણાવ્યું હતું. બીજા એક અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે વેલ્સમાં બે તૃતીયાંશ જેટલાં બાળકોએ જણાવ્યું હતું કે તેમણે ઈ-સિગરેટ્સ વિશે સાંભળ્યું છે.[5] ચેશાયર અને મર્સીસાઈડમાં બાળકોમાં કરવામાં આવેલા એક અભ્યાસમાં ભાગ લેનારાં તમામ બાળકોએ ઈ-સિગરેટ્સ વિશે સાંભળ્યું હતું અથવા તે શું છે તેની તેમને ખબર હતી. આ અભ્યાસમાં નીચેની બાબતો પણ જાણવા મળી હતીઃ

> *તમામ જૂથોમાં ખૂબ જ મોટા પ્રમાણમાં એવી લાગણી હતી કે ઈ-સિગરેટ્સ વાપરતાં મોટાભાગનાં યુવાન લોકો તે બનાવનારાં અને વેચનારાં દ્વારા સૂચવવામાં આવતાં ફાયદા માટે તે વાપરતાં નથી (દા.ત. આરોગ્યના ફાયદા, પૈસા બચાવવા, તમાકુના ધૂમ્રપાન પર પ્રતિબંધ હોય તેવી જગ્યાએ વ્યક્તિ નિકોટીન લઈ શકે), પરંતુ માત્ર "તે લેવા ખાતર", તેમનાં સાથીદારો જેવા દેખાવા માટે અથવા તેમને પ્રભાવિત કરવા માટે, અથવા પોતાની અમુક ચોક્કસ ઈચ્છીત છબી બીજાં સમક્ષ બતાવવા માટે તે વાપરે છે.*[6]

2.12. બાળકો અને યુવાન લોકોમાં ઈ-સિ ગરેટ્સ વિશે ખૂબ મોટા પ્રમાણમાં જાણકારી હોવાનું મુખ્ય કારણ તેમનો પ્રચાર હોઈ શકે. ઈ-સિગરેટ્સ બહોળા પ્રમાણમાં છૂટક વેચાણનાં સ્થળોએથી વેચાતી મળી શકે છે, જેમ કે સુપરમાર્કેટો, ન્યૂઝએજન્ટો, ખાસ તે માટેની દુકાનો અને ફાર્મસીઓ, અને ઘણી વાર

તે દુકાનોમાં આગળ પડતી અને બધાંનું ધ્યાન દોરાય તેવી રીતે મૂકવામાં આવેલી હોય છે. ઈ-સિગરેટ બનાવતી કંપનીઓમાં અંદરોઅંદર કિંમતો માટે સ્પર્ધા થાય છે અને તેઓ ટ્વીટર જેવા સામાજિક માધ્યમો મારફતે તેના પ્રચાર અને જાહેરાતોમાં રોકાણો કરે છે.[7] ઈ-સિગરેટો વિશે બહોળા પ્રમાણમાં જાહેરાતો કરવામાં આવે છે, જે કેટલાંક માટે ચિંતાનું કારણ બન્યું છે.

2.13. સરકાર સ્વીકારે છે કે ઈ-સિગરેટ્સનાં જવાબદાર ઉત્પાદકો ખાસ કરીને બાળકો સમક્ષ ઈ-સિગરેટ્સનો વ્યાપારી પ્રચાર કરવાનો પ્રયાસ કરશે નહિ. પરંતુ, ઈ-સિગરેટ્સ બનાવતી કંપનીઓ તેમની મોટાભાગની વ્યાપારી પ્રચારક પ્રવૃત્તિઓ પુખ્ત વયનાં લોકો સુધી પહોંચે તેવી રીતે બનાવે તેવું હોવા છતાં, આ પ્રચાર સામગ્રી કદાચ યુવાન લોકોને પણ ઉત્તેજિત કરે એવું બની શકે. યુવાન લોકો સમક્ષ દુકાનો અને સ્ટોર્સની અંદર પણ ઈ-સિગરેટનાં ઉત્પાદનોનો વ્યાપારી પ્રચાર કરવામાં આવે છે અને એ માનવા યોગ્ય છે કે દુકાનોમાં ખૂબ આગળ પડતી રીતે કરવામાં આવતા ઈ-સિગરેટના પ્રચારને કારણે આ વસ્તુઓ પ્રતિ તેમનું આકર્ષણ વધી શકે.

## તમાકુના ધૂમ્રપાન સાથેનું જોડાણ

2.14. બાળકોમાં ઈ-સિગરેટનો વપરાશ હાલમાં તેમના તમાકુના ધૂમ્રપાન સાથે ખૂબ સશક્તપણે જોડાયેલો હોવા છતાં, તાજેતરમાં વેલ્શ સરકાર દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા એક સંશોધનમાં સંભવિત પુરાવાઓ આપવામાં આવ્યા છે કે ઈ-સિગરેટનો વપરાશ બાળપણમાં કરવામાં આવતા નિકોટીન સાથેના અખતરાઓનો એક નવો પ્રકાર હોઈ શકે છે. 10-11 વર્ષનાં બાળકોમાં ધૂમ્રપાન કરતાં ઈ-સિગરેટનો વપરાશ વધુ પ્રભાવશાળી હોઈ શકે છે. આ વય જૂથનાં લગભગ 6% બાળકોએ ક્યારેક ઈ-સિગરેટ વાપરી હોવાનું જણાવ્યું છે, જેની સરખામણીમાં 2% એ ક્યારેક ધૂમ્રપાન કરેલ હોવાનું જણાવ્યું છે. ચેશાયર અને મર્સીસાઈડમાં કરવામાં આવેલાં સંશોધનોમાં જોવા મળ્યું હતું કે યુવાન લોકો ઈ-સિગરેટ એક અલગ જ વસ્તુ હોવા તરીકે જુએ છે, તમાકુનું ધૂમ્રપાન કરવાને બદલે વાપરવાના વિકલ્પ તરીકે નહી. આ સંશોધન સૂચવે છે કે ઘણાં યુવાન લોકોનું કહેવું છે કે તેઓ ઈ-સિગરેટ માત્ર “વાપરવા ખાતર”, “મજા માણવા”, અથવા “કંઈક નવું અજમાવી જોવા” જ વાપરે છે, અને યુવાન લોકોનું મુખ્ય ધ્યાન ઈ-સિગરેટ્સના જુદા જુદા સ્વાદ તેમજ ડીઝાઈન વાપરવા પર તેમજ તેમનાં સાધનોને પોતાની પસંદગી મુજબ બનાવીને પોતાનું અલગ વ્યક્તિત્વ બતાવવા પર વધારે હતું. સંશોધકોએ તારણ કાઢ્યું હતું કે રંગબેરંગી ડીઝાઈન તેમજ જુદા જુદા સ્વાદોને કારણે જે યુવાન લોકોને નિકોટીનનો અખતરો કરવા માટે તમાકુવાળી સિગરેટનો સ્વાદ કે તેનો અનુભવ ન ગમતાં હોય તેમના માટે ઈ-સિગરેટ્સ એક વધુ અનુકૂળ અને આકર્ષક રસ્તો પૂરો પાડે છે.[8] પરંપરાગત સિગરેટ પીવા કરતાં ઈ-સિગરેટ્સ વાપરવાનું વધુ સહેલું હોય એવું શક્ય છે.

2.15. પોતાના 2013ના વાર્ષિક અહેવાલમાં ચીફ મેડિકલ ઓફિસર ફોર ઈંગ્લેન્ડ દ્વારા *‘ચિંતા ઉઠાવવામાં આવી છે કે એવાં યુવાન લોકો હોઈ શકે છે જેમના માટે સિગરેટો સહિત અન્ય પરંપરાગત તમાકુનાં ઉત્પાદનો વાપરવાનું શરૂ કરવાનું ઈ-સિગરેટ્સ એક પ્રવેશદ્વાર બની શકે.’*[9] ઈ-સિગરેટ્સ તમાકુનો

વપરાશ શરૂ કરવા માટેનું એક પ્રવેશદ્વાર બની શકે તેમ છે કે નહિ, તેની તપાસ કરવા માટે પૂરતા લાંબા સમયથી કોઈ અભ્યાસો કરવામાં આવ્યાં નહિ હોવાથી, આ તબક્કે અમે ચોક્કસપણે ન કહી શકીએ કે ઈ-સિગરેટના વપરાશમાંથી તમાકુ ધૂમ્રપાન ચાલુ કરવામાં “પ્રવેશ કરવામાં” આવી શકે તેમ છે કે નહિ, અને સવાલોના ચોક્કસપણે જવાબ આપવા માટે વધુ સંશોધનો કરવાં જરૂરી છે. તાજેતરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝશને ભલામણ કરી છે કે કાચી ઉંમરનાં લોકોને ઈ-સિગરેટનું વેચાણ કરવું જોઈએ નહિ.

## નિકોટીનની અસરો

2.16. એ તો ઘણા લાંબા સમયથી સ્થાપિત થયેલું છે કે નિકોટીન અત્યંત બંધાણ કરે તેવું છે. નિકોટીન ખૂબ જ સશક્ત અને અત્યંતપણે બંધાણજનક નશો છે, જે માનવોમાં બંધાણની સંભાવના સાથે જોડાયેલી વર્તન અને માનસિક અસરો પેદા કરવામાં કોકેઈન અને મોરફીન કરતાં પાંચથી દસ ગણું વધારે શક્તિશાળી છે.[10] કોઈ પણ પદાર્થો, ખાસ કરીને જે નુક્સાનકારક હોઈ શકે તેમનું બંધાણ થવા સામે બાળકો અને યુવાન લોકોનું સરકાર રક્ષણ કરવા માગે છે.

2.17. યુવાન લોકો બહુ ઝડપથી નિકોટીન પર નિર્ભર થઈ જઈ શકે છે .તમાકુના ધૂમ્રપાનમાંથી મળતા નિકોટીનમાંથી પેદા થતાં લક્ષણો, યુવાન વ્યક્તિ સિગરેટની પહેલી ફૂંક મારે તેની તુરંત બાદથી જ વિકસવા લાગે છે .નવાં નવાં ધૂમ્રપાન કરનારાં ઘણીવાર ઓળખી શકતાં નથી કે તેઓ જે લક્ષણો અનુભવી રહ્યાં છે તે નિકોટીનના તેમના બંધાણને લીધે છે.[11] સંશોધન બતાવે છે કે કિશોરાવસ્થાનું મગજ કિશોરાવસ્થા દરમ્યાન વિકસવાનું ચાલુ હોય છે અને તે પુખ્ત વ્યક્તિના મગજ કરતાં તદ્દન અલગ હોય છે .એક તફાવત એ છે કે કિશોરાવસ્થાનાં લોકો નિકોટીનમાંથી મળતી આનંદદાયક અસરો પ્રત્યે વધુ સંવેદનશીલ હોય છે, કદાચ કિશોરાવસ્થામાં લોકો ધૂમ્રપાન શરૂ કરવા પાછળનું કારણ હોઈ શકે.[12] વિકસી રહેલા કિશોરાવસ્થાના મગજ પર ઈ-સિગરેટને કારણે પડતી નિકોટીનની અસરો પણ Dutra *et al* દ્વારા વર્ણવવામાં આવી છે.

> પરંપરાગત સિગરેટની સરખામણીમાં આમ તો ઈ-સિગરેટ્સમાંથી ઘણી ઓછી સંખ્યામાં અને ઘણા ઓછા પ્રમાણમાં ઝેરી પદાર્થો મળતાં હોવા છતાં, તેમાં નિકોટીન હોય છે, જે અત્યંત બંધાણજનક પદાર્થ છે અને તે સિગરેટની નકલ કરવા માટે તેટલા જ ડોઝના પ્રમાણમાં સમાવેલું હોય છે. પ્રાણીઓ પરના નમૂના સૂચવે છે કે, કોલિનેર્જીક પાથવેઝ (મગજ સુધી પહોંચતા માર્ગો) પરની તેની અસરો મારફતે, નિકોટીન મગજ અને વર્તન પર કાયમી અસર કરી શકે છે, જેમ કે હાથ પગનાં સ્નાયુઓમાં અનિયંત્રીતા, જેના લીધે વર્તન પરના નિયંત્રણ, ધ્યાન આપી શકવું, યાદશક્તિ તેમજ પ્રેરણાત્મકતા તેમજ અન્ય બાબતો પર કાયમી અસરો પડી શકે છે. માનવોમાં કિશોરાવસ્થાના મગજનો હજુ વિકાસ થઈ રહ્યો હોવાથી તેના પર નિકોટીનની ખાસ કરીને જોખમી અસરો પડી શકે છે.[13]

# 3. સૂચિત નિયમનોની વિગતો

3.1. આ નિયમનો એક્ટની કલમ 92 અનુસાર બનાવવામાં આવશે.[14]સૂચિત નિયમનો Annex A માં જણાવવામાં આવેલાં છે અને તે એક્ટની સાથે વાંચવામાં આવવાં જોઈએ.

## નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનોની વ્યાખ્યા કરવી

3.2. 'નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનો'નું વેચાણ કરવાની ઓછામાં ઓછી ઉંમર 18 વર્ષ લાગુ પડશે. આ વ્યાખ્યામાં ઈ-સિગરેટનાં તમામ સાધનોને (વાપરીને ફેંકી દેવાય તેવાં અને ફરીથી ચાર્જ કરી શકાય તેવાં સાધનો સહિત) અને તેમની રીફીલો (જેમ કે પહેલેથી ભરેલી રીફીલ કાટ્રીજો અને પ્રવાહીઓ)ને આવરી લેવામાં આવે છે. સૂચિત નિયમનોની અંદર, 'નિકોટીન સૂંઘવાનું સાધન' એટલે કે એવું કોઈ પણ સાધન જે મોઢામાં મૂકીને તેમાંથી નિકોટીન સૂંઘી શકાય તેવા ઈરાદાથી બનાવવામાં આવ્યું હોય. તે સાધન પરંપરાગત સિગરેટ જેવું દેખાય છે કે નહિ, અથવા જુદું દેખાય તેવું બનાવવામાં આવ્યું હોય તેનાથી કોઈ ફરક નહિ પડે, જો તે સાધન સૂચવવામાં આવેલ વ્યાખ્યા પૂરી કરતું હોય તો. આ નિયમનોમાં નિકોટીન સૂંઘવાનાં તમામ ઉત્પાદનોને આવરી લેવામાં આવે છે, તે કોઈ પણ રીતે ચાલે તેવાં બનાવેલાં હોય તો પણ. 'બે રીતે વાપરી શકાય તેવાં' રીફીલ કરી શકાય તેવાં સાધનો, જેમાં નિકોટીનવાળું અથવા નિકોટીન વગરનું પ્રવાહી ભરી શકાય તેમ હોય તે સાધનો પણ વેચાણની ઉંમરની મર્યાદાને અધીન રહેશે.

3.3. કેટલીક ઈ-સિગરેટો પરંપરાગત તમાકુની સિગરેટો જેવી દેખાતી નથી અને તેમાં એક રેઝર્વોયર અથવા ટેન્ક હોય છે જે પ્રોપીલીન ગ્લાયકોલ પ્રવાહી ભરવા માટે બનાવેલ હોય છે. આ પ્રવાહીઓ અલગ રીતે વેચવામાં આવી શકે અને તેમાં નિકોટીન હોઈ શકે કે ન પણ હોઈ શકે. જો કે, વેચતી વખતે કેટલાંક સાધનોમાં નિકોટીન ન હોય તેવું બને, અને તે સાધનો જો મોઢામાં મૂકવાના સાધન મારફતે નિકોટીન સૂંઘવા માટે વાપરવાનો ઈરાદો હોય તો તે સાધનને સૂચિત નિયમનોમાં આવરી લેવામાં આવશે.

3.4. નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનોના અન્ય ભાગો જેમ કે બેટરીઓ, ચાર્જ કરવાનાં સાધનો તેમજ ઈલેક્ટ્રીકલ વાયરોને સૂચિત નિયમનોમાં આવરી લેવાનો સરકારનો ઈરાદો નથી.

## તબીબી ઉત્પાદનો અથવા તબીબી સાધનો

3.5. મેડીસીન્સ એન્ડ હેલ્થકેર પ્રોડક્ટ્સ રેગ્યુલેટરી એજન્સી (MHRA) દ્વારા દવા તરીકે લાઈસન્સ આપવામાં આવેલું હોય તેવાં નિકોટીન સૂંઘવાનાં કોઈ પણ ઉત્પાદનોને આ નિયમનોમાંથી મુક્તી આપવામાં આવી છે. લાઈસન્સ પ્રાપ્ત દવા હોય તેવાં નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનો પ્રીસ્ક્રીપ્શન

ઉપર બાળકો તેમજ 18 વર્ષથી નાની ઉંમરનાં લોકોને ઉપલબ્ધ કરાવી શકાય છે. નિકોટીન સૂંઘવાનાં જે ઉત્પાદનો 18 વર્ષથી ઓછી ઉંમરનાં લોકોના વપરાશ માટે હોવાનું જણાવવામાં આવેલું હોય તેવાં ઉત્પાદનોને પણ મુક્તી આપવાનું નિયમનોના કાચા લખાણમાં સૂચવવામાં આવ્યું છે.

3.6. નિયમન 4 એવાં નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનોને મુક્તી આપશે જે દવાઓ હોય અથવા તબીબી સાધનો હોય અને જે માન્ય પ્રીસ્ક્રીપ્શન સાથે તે અનુસાર ફાર્મસિસસ્ટ દ્વારા વેચવામાં આવ્યાં હોય (અથવા બીજા અપવાદરૂપ સંજોગોમાં જેમાં માત્ર પ્રીસ્ક્રીપ્શન પરની જ દવા તરીકે તે વેચવામાં આવ્યાં હોય). નિયમન 5 નિકોટીન સૂંઘવાનાં એવાં કોઈ પણ ઉત્પાદનોના વેચાણની ઉંમરમાંથી તેમને મુક્તી આપશે જે લાઈસન્સ સાથેની પ્રીસ્ક્રીપ્શન વગર મળી શકતી અધિકૃત દવાઓ હોય, જેમાં સ્પષ્ટતા કરેલી હોય કે તે 18 વર્ષથી ઓછી ઉંમરનાં લોકોની સારવાર માટે છે. આવા કિસ્સાઓમાં, વેપારી ફાર્મસિસસ્ટ હોવા જરૂરી નથી, કારણ કે જનરલ સેલ લિસ્ટ (જી.એસ.એલ.) દવાઓ કોઈ પણ પ્રકારની દુકાનમાં વેચી શકાય છે, જો તે માટેની કેટલીક શરતો પૂરી કરવામાં આવતી હોય તો.

3.7. ધૂમ્રપાન છોડવાનો પ્રયાસ કરી રહેલાં 18 વર્ષથી નાની ઉંમરનાં બાળકો દવા તરીકેનું લાઈસન્સ મેળવેલી નિકોટીન સૂંઘવાની વસ્તુઓ, પ્રીસ્ક્રીપ્શન ઉપર મેળવી શકશે, આથી તે વસ્તુ તબીબી દેખરેખ હેઠળ વાપરવાની રહેશે. હાલમાં જે અમલમાં છે તે, 18 વર્ષથી નાની ઉંમરની વ્યક્તિ હજુ પણ નિકોટીન સૂંઘવાની કેટલીક વસ્તુઓ ન્યૂઝએજન્ટ કે સુપરમાર્કેટમાંથી ખરીદી શકશે, જેમ કે નિકોટીન ઈનહેલર, પરંતુ દવા માટેના વેપારી પ્રચારની સત્તાએ સ્પષ્ટતા કરેલી હોય કે તે 18 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોના વપરાશ માટે હોવાનું સૂચવેલ છે.

3.8. નિકોટીન રીપ્લેસમેન્ટ થેરપીની દવાઓના બીજા પ્રકારો, જે મોઢામાં મૂકવાના સાધન મારફતે નિકોટીન સૂંઘવા માટે ન હોય, જેમ કે નિકોટીન ગમ અથવા પૅચીઝ, તે ઉત્પાદનો આ નિયમનોના અવકાશમાં નથી.

## ઈ-સિગરેટ્સની બીજી વ્યક્તિના વતી – પ્રોક્સી - ખરીદી

3.9. તમાકુનાં ઉત્પાદનોની પ્રોક્સી ખરીદી – બીજી વ્યક્તિ વતી ખરીદી – કરવાના હાલના ગુનાને આ નિયમનો લંબાવશે (એક્ટની કલમ 91) અને તેમાં નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનોને આવરી લેવામાં આવશે.

3.10. આના લીધે, કોઈ પુખ્ત વ્યક્તિ માટે 18 વર્ષથી નાની ઉંમરનાં બાળક વતી નિકોટીન સૂંઘવાની વસ્તુ ખરીદવાનું કે તે ખરીદવાનો પ્રયાસ કરવાનું ગુનો બનશે, સિવાય કે તે બાળકને પ્રીસ્ક્રીપ્શન પર લખી આપવામાં આવેલ હોય. આના લીધે નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનો, જેમ કે ઈ-સિગરેટોની પ્રોક્સી ખરીદી, તમાકુ અને આલ્કોહોલની પ્રોક્સી ખરીદીના ગુના જેવી જ સમાનતા પર લાવશે તેમજ છૂટક વેચાણકર્તાઓ માટે તે એકધારાપણું અને સ્પષ્ટતા પૂરી પાડશે.

3.11. પ્રોક્સી ખરીદીનો ગુનો, દવા તરીકે લાઈસન્સ અપાયેલ નિકોટીન સૂંઘવાની કેટલીક વસ્તુઓ પર પણ લાગુ પડશે. દાખલા તરીકે, જ્યાં કોઈ વસ્તુને નોન-પ્રીસ્ક્રીપ્શન દવા (એટલે કે જી.એસ.એલ. દવા) તરીકે લાઈસન્સ આપવામાં આવેલ હોય અને તે માત્ર 18 વર્ષથી વધુ ઉંમરનાં લોકોના વપરાશ માટે હોવાનું જણાવવામાં આવેલું હોય, ત્યાં 18 વર્ષથી ઓછી ઉંમરના બાળક માટે આ વસ્તુ ખરીદવાનો કે તે ખરીદવાનો પ્રયાસ કરવાનું વ્યક્તિ માટે ગુનો બનશે.

3.12. તમાકુ માટેના ગુનાની જેમ જ, બાળકના વતી ખરીદી રહેલ પુખ્ત વ્યક્તિ તે ગુનો કરી રહી હોવાનું ગણાશે, વેપારી નહી.

## ગુના અને દંડ

3.13. જ્યાં ગુનો કરવામાં આવ્યો હોય તે માટે, વેચાણની ઉંમર અથવા પ્રોક્સી ખરીદીનો ગુનો કરવાને લગતા નિયમન હેઠળ એક્ટમાં તેની સજા જણાવવામાં આવેલ છે. કાયદાનું પાલન નહિ કરતી વ્યક્તિ ફોજદારી ગુનો કરતી ગણાશે.

## વેચાણની ઉંમર

3.14. સૂચિત નિયમનો હેઠળ, જ્યાં કોઈ 18 વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિને નિકોટીન સૂંઘવાની વસ્તુ વેચે ત્યાં તે ગુનો કરવામાં આવ્યો હોવાનું ગણાશે.

3.15. એક્ટની કલમ 91(5) હેઠળ, આ ગુના માટે ગુનેગાર ઠેરવવામાં આવેલ વ્યક્તિ સમરી કન્વીક્શન ઉપર સ્ટાન્ડર્ડ સ્કેલના વધુમાં વધુ લેવલ 4 સુધીના દંડને પાત્ર બનશે.[15]આ 18 વર્ષની ઓછી ઉંમરની વ્યક્તિને તમાકુ વેચવા માટેના હાલના દંડ અનુસાર એકસમાન છે.

3.16. એક્ટની કલમ 93માં નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનોના વેચાણને બાળકોમાં સતત રીતે કરવામાં આવતા તમાકુના વેચાણને લગતી અમલબજાવણીના હાલના નિયમોની અંદર સમાવી લેવામાં આવ્યું છે. જો કોઈ વ્યક્તિ કે દુકાનદાર 18 વર્ષથી ઓછી ઉંમરનાં લોકોને નિકોટીન સૂંઘવાની વસ્તુઓ વારંવાર વેચતાં પકડાશે, તો તેમને કોર્ટ તરફથી રીસ્ટ્રીક્ટેડ સેલ્સ ઓર્ડર (વેચાણ પર મર્યાદા મૂકતો હુકમ) અથવા રીસ્ટ્રીક્ટેડ પ્રેમેસીસ ઓર્ડર (વેચાણના સ્થળ પર મર્યાદા મુકતો હુકમ) આપવામાં આવી શકે. આવા હુકમ પર જે વ્યક્તિનું નામ અથવા છૂટક વેચાણની દુકાનનું નામ લખેલું હોય તેમના પર એક વર્ષના સમય સુધી કોઈને પણ નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનો અથવા તમાકુ વેચવાનો પ્રતિબંધ મૂકવામાં આવે છે.

3.17. એક્ટની કલમ 92(4) બચાવ માટે જોગવાઈ પૂરી પાડે છે, જેમાં આવો ગુનો ન થાય તે માટે બધાં જ વાજબી પગલાં લેવામાં આવ્યાં હોવાનું વેપારી બતાવી શકે છે.

## પ્રોક્સી ખરીદી

3.18. નિયમનમાં સ્પષ્ટતા કરવામાં આવ્યા મુજબ 18 વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિ વતી નિકોટીન સૂંઘવાની વસ્તુ ખરીદનાર કે તે ખરીદવાનો પ્રયાસ કરનાર પુખ્ત વ્યક્તિ ગુનો કરતી ગણાશે. સરકારનો પ્રસ્તાવ છે કે નિકોટીન સૂંઘવાની વસ્તુઓની પ્રોક્સી ખરીદીના સંબંધમાં ગુનો કરનારા વ્યક્તિને અમલબજાવણી કરનારાં અધિકારીઓ ફીક્સ્ડ પેનલ્ટી નોટીસ (ચોક્કસ રકમનો દંડ) આપી શકે છે. ચોક્કસ દંડની રકમ £90 (જો 15 દિવસની અંદર ચૂકવી દે તો £60) રાખવાનું સૂચવવામાં આવ્યું છે, જે આલ્કોહોલની પ્રોક્સી ખરીદી જેટલી જ છે. જે વ્યક્તિને ફીક્સ્ડ પેનલ્ટી નોટીસ આપવામાં આવી હોય તે દંડ ચૂકવવાને બદલે તે મામલો કોર્ટમાં લઈ જવાનું પસંદ કરી શકે છે. ફીક્સ્ડ પેનલ્ટી નોટીસ ચૂકવવાનો ઈનકાર કરનાર અથવા તે નહિ ચૂકવનાર વ્યક્તિને પણ કોર્ટમાં લઈ જવામાં આવી શકે.

## અમલબજાવણી

3.19. લોકલ ઓથોરીટી ટ્રેડિંગ સ્ટાન્ડર્ડ વિભાગનાં અધિકારીઓ આ સૂચિત નિયમનોની અમલબજાવણી માટે જવાબદાર રહેશે, અને તેમને જરૂર મુજબ પોલીસ દ્વારા સહાયતા આપવામાં આવી શકે.

3.20. અસરકારક અને એકસમાન રીતે અમલબજાવણી કરવામાં સરળતા માટે, નિયમન 6 નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનોના વેચાણની ઉંમરને લગતા ગુનાને પ્રાઈમરી ઓથોરીટી સ્કીમના અવકાશમાં લાવશે. પ્રાઈમરી ઓથોરીટી ગોઠવણો વિશે વધુ માહિતી ઈન્ટરનેટ પરથી અહીંથી મેળવી શકાય છેઃ https://www.gov.uk/government/publications/primary-authority-overview

3.21. તે ઉપરાંત, વેચાણની ઉંમર તેમજ પ્રોક્સી ખરીદીને લગતા ગુના રેગ્યુલેશન ઓફ ઈન્વેસ્ટીગેટરી પાવર એક્ટ (RIPA) 2000 માં જણાવેલા ગુનાની યાદીમાં ઉમેરવામાં આવશે. આના લીધે લોકલ ઓથોરીટીનાં અમલબજાવણી કરાવનારા અધિકારીઓ, અસરકારક અમલબજાવણીમાં સરળતા રહે તે માટે હાલના સુરક્ષા પગલાંને અધીન રહીને, "ડાઈરેક્ટ સર્વેલન્સ" (સીધી દેખરેખ-તપાસ)નો ઉપયોગ લાગુ પાડી શકશે. ડાઈરેક્ટ સર્વેલન્સ એટલે કે એવી રીતે દેખરેખ રાખવી જે ગુપ્ત હોય અને તેના પરિણામે ખાનગી રીતે માહિતી મેળવી શકાય.

# 4. નિયમનોનો પ્રાંતિય અવકાશ

4.1. આ નિયમનો ઈંગ્લેન્ડ અને વેલ્સમાં જ લાગુ પડશે.

# 5. અસરનું મૂલ્યાંકન

5.1. મંત્રણાના તબક્કે અસરનું મૂલ્યાંકન (ઈમ્પેક્ટ અસેસમેન્ટ) (IA) તૈયાર કરવામાં આવ્યું છે અને તેને આ મંત્રણાના દસ્તાવેજની સાથે પ્રકાશિત કરવામાં આવ્યું છે. મંત્રણાના જે અનેક પ્રશ્નો સીધી રીતે અસરના મૂલ્યાંકન સાથે સંબંધિત છે તે Annex B માં આપેલા છે. અસરના મૂલ્યાંકન પરનાં સૂચનો તેમજ બીજી કોઈ પણ માહિતી કે પુરાવા અમે આવકારીએ છીએ જેનાથી અમે અસરનું મૂલ્યાંકન હજુ વધારે વિગતવાર આપી શકીએ.

5.2. સમાનતા ઉપર અસરનું પ્રારંભિક મૂલ્યાંકન પણ અમે પ્રકાશિત કર્યું છે, જે આ મંત્રણાના દસ્તાવેજની સાથે પ્રકાશિત કરવામાં આવ્યું છે અને ઈક્વોલીટી એક્ટ 2010 હેઠળ જાહેર ક્ષેત્રની અમારી ફરજો પૂરી કરવામાં આ પ્રસ્તાવો કેવી રીતે અમને યોગદાન આપી શકે તેના સંબંધમાં કોઈ પણ વધારાની માહિતી અમે આવકારીશું.[16]

# 6. મંત્રણામાં કેવી રીતે સંકળાવું

6.1. મંત્રણાના પ્રશ્નો Annex B માં આપેલા છે. આ મંત્રણા 17. ડીસેમ્બર 2014 થી 28. જાન્યુઆરી 2015 23:45 વાગ્યા સુધી 6 અઠવાડિયાં સુધી ચાલશે. કોઈ પણ રસ ધરાવનાર વ્યક્તિ, સંસ્થા કે વ્યવસાય તરફથી પ્રતિસાદોને અમે આવકારીએ છીએ.

6.2. પ્રતિસાદ આપનારાંને તેમનાં મંતવ્યો ઓનલાઈન આપવા પ્રોત્સાહિત કરવામાં આવે છે, પરંતુ નીચે જણાવેલી રીતે પણ તમારા પ્રતિસાદ આપી શકાય છે:

- અહીં ઓનલાઈન ફોર્મ ભરીને:
  http://consultations.dh.gov.uk/tobacco/age-of-sale-for-nicotine-products
- પ્રતિસાદ આપવાનું ફોર્મ અહીંથી ડાઉનલોડ કરીને ભરીને:
  www.gov.uk/government/consultations
- તમારા પ્રતિસાદો અહીં ઈમેઈલ કરીને: nicotineproductsageofsale@dh.gsi.gov.uk
- તમારા પ્રતિસાદો અહીં ટપાલ મારફતે મોકલીને:

  Age of Sale Consultation
  Department of Health
  6th Floor, Wellington House
  133-155 Waterloo Road
  London
  SE1 8UG

6.3. આ મંત્રણાનો હેતુ, નિકોટીન સૂંઘવાનાં પદાર્થો વેચવાની ઉંમર લાગુ પાડવાનાં નિયમનોના કાચા લખાણ – ડ્રાફ્ટ ઉપર તેમજ વ્યવહારમાં આ જોગવાઈઓ કેવી રીતે કામ કરશે તે ઉપર રસ ધરાવનારાં લોકો, સંસ્થાઓ તેમજ વ્યવસાયોનાં મંતવ્યો મેળવવાનો છે. અમારી વિનંતી છે કે તમે તમારા પ્રતિસાદોની સાથે સંશોધનો તેમજ અન્ય પુરાવાના સંદર્ભો પણ પૂરા પાડો.

6.4. જો તમે મંત્રણાના આ દસ્તાવેજની નકલ બીજા કોઈ સ્વરૂપમાં મેળવવા ઈચ્છતાં હો, અથવા તમારી સુવિધાનાં કારણોસર બીજા કોઈ સ્વરૂપમાં તેનો પ્રતિસાદ પૂરો પાડવા ઈચ્છતાં હો, તો મહેરબાની કરીને ફકરા 6.2 માં આપેલા સરનામે અમને ઈમેઈલ કરો અથવા ટપાલ મારફતે સંપર્ક કરો.

6.5. મંત્રણાના વ્યક્તિગત પ્રતિસાદોનો ડીપાર્ટમેન્ટ ઓફ હેલ્થ જવાબ આપી શકશે નહિ.

# 7. પ્રતિસાદ આપનારાંનું તમાકુ ઉદ્યોગ સાથે સીધી કે આડકતરી રીતે જોડાણ હોવાનું જાહેરનામું

7.1. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ટોબેકો કંટ્રોલ (FCTC) ના એક પક્ષ તરીકે, જાહેર આરોગ્ય નીતિના વિકાસનું તમાકુ ઉદ્યોગના સ્થાપિત હિતોથી રક્ષણ કરવાની યુનાઈટેડ કિંગડમની ફરજ બને છે. આ ફરજ પૂરી કરવા માટે, **અમે તમામ પ્રતિસાદ આપનારાંને વિનંતી કરીએ છીએ કે તેઓ તમાકુ ઉદ્યોગ સાથે કોઈ પ્રકારનું સીધું કે આડકતરું જોડાણ ધરાવે છે અથવા તેમને તેમના તરફથી કોઈ ભંડોળ મળે છે કે નહિ તે જાહેર કરે**. હજુ પણ અમે તમાકુ ઉદ્યોગ તરફથી અને ઉદ્યોગ સાથે જોડાણ ધરાવનારાં તરફથી મળનારા મંત્રણાના તમામ પ્રતિસાદો પર ધ્યાનપૂર્વક વિચારણા કરીશું, અને તેમનો મંત્રણાના પ્રતિસાદોના પ્રકાશિત કરાનારા સંક્ષેપમાં સમાવેશ કરીશું.

# 8. આગામી પગલાં

8.1. આખર તારીખ 28. જાન્યુઆરી 2015 23:45 સુધીમાં મળેલા તમામ પ્રતિસાદો પર ધ્યાનપૂર્વક વિચારણા કરવામાં આવશે. મંત્રણા પૂરી થયે, મંત્રણાના પ્રતિસાદો પરનો એક સંક્ષિપ્ત અહેવાલ, ડીપાર્ટમેન્ટ ઓફ હેલ્થની વેબસાઈટ પર યોગ્ય સમયે પ્રસિદ્ધ કરવામાં આવશે.

8.2. નિયમનોના લખાણ પર આખરી નિર્ણય લેવામાં આવશે. સંસદની મંજૂરીને અધીન, આ નિયમનો 2015થી અમલમાં લાવવાનું અમે વિચારી રહ્યાં છીએ.

# 9. મંત્રણાની પ્રક્રિયા પર ટીપ્પણીઓ

9.1. જો તમે ખાસ કરીને મંત્રણાની પ્રક્રિયા પર જ કોઈ ટીપ્પણી કરવા કે ચિંતા વ્યક્ત કરવા માગતાં હો, તો મહેરબાની કરીને અહીં સંપર્ક કરો

**Consultations Coordinator**
**Department of Health**

2E26, Quarry House

Leeds

LS2 7UE

ઈમેઈલઃ consultations.co-ordinator@dh.gsi.gov.uk

9.2. મહેરબાની કરીને આ સરનામા પર મંત્રણાના પ્રતિસાદો મોકલશો નહિ.

# 10. માહિતીની ગુપ્તતા

10.1. આ મંત્રણાના જવાબમાં તમે પૂરી પાડેલી માહિતી અમે ડીપાર્ટમેન્ટ ઓફ હેલ્થ ઈન્ફોર્મેશન ચાર્ટર અનુસાર સંચાલિત કરીશું.[17]

10.2. મહેરબાની કરીને ખ્યાલમાં રાખશો કે ફ્રીડમ ઓફ ઈન્ફોર્મેશન એક્ટ હેઠળ, એક કાયદેસર કોડ ઓફ પ્રેક્ટીસ (વ્યવહારની આચારસંહિતા) અમલમાં છે જેનું જાહેર સત્તાઓએ પાલન કરવું જ પડે છે અને જે બીજી બધી બાબતોની સાથે સાથે ગુપ્તતાની ફરજો પર પણ પગલાં લે છે. તમે આપેલી માહિતી જો ખાનગી રાખવામાં આવે એમ તમે ઈચ્છતાં હો, તો તમે શા માટે તમે આપેલી માહિતી ખાનગી રાખવી જોઈએ એમ માનો છો તે જો સમજાવશો તો મદદરૂપ રહેશે. જો માહિતી જાહેર કરવાની વિનંતી અમને મળશે, તો અમે તમારો ખુલાસો પૂરેપૂરો ધ્યાનમાં લઈશું, પરંતુ તમામ સંજોગોમાં ગુપ્તતા જળવાઈ રહેશે એવી ખાતરી અમે આપી શકતાં નથી. તમારી આઈ.ટી. સિસ્ટમ દ્વારા આપમેળે જ બનાવવામાં આવેલ ગુપ્તતા જાળવવાનું સોગંદનામું પોતે આ ડીપાર્ટમેન્ટ માટે બંધનકર્તા ગણાતું નથી.

10.3. તમારી અંગત વિગતો પર ડીપાર્ટમેન્ટ ડેટા પ્રોટેક્શન એક્ટ અનુસાર કાર્યવાહી કરશે અને મોટાભાગના સંજોગોમાં આનો અર્થ એવો થશે કે તમારી અંગત વિગતો ત્રાહિત પક્ષને જાહેર કરવામાં આવશે નહિ.

# સૂચી A

## ચિલ્ડ્રન અને ફમિલીસ માટેના ધારાસભાના 2014ના કાયદા અનુસાર કાચો મુસદ્દો તૈયાર કરવાનો છે

*Draft Regulations laid before Parliament under section 135(6) of the Children and Families Act 2014, for approval by resolution of each House of Parliament.*

---

DRAFT STATUTORY INSTRUMENTS

---

**20xx No.xxx**

**PUBLIC HEALTH, ENGLAND AND WALES**

The Nicotine Inhaling Products (Age of Sale and Proxy Purchasing) Regulations 20xx

| | |
|---|---|
| *Made - - - -* | ***** |
| *Coming into force* | |
| *Regulations 1 and 2* | ... |
| *Regulations 3 to 6* | ... |

The Secretary of State makes the following regulations in exercise of the powers conferred by sections 92(1), (6) and (7) and 93(8) of the Children and Families Act 2015([1]).

([1]) 2014 c.6. See section 92(12) for the meaning of "specified".

In accordance with section 135(6) of that Act, a draft of this instrument has been laid before Parliament and approved by resolution of each House of Parliament.

In accordance with section 92(8) of that Act, the Secretary of State makes this instrument with the consent of the Welsh Ministers.

**Citation, commencement and interpretation**

**1.**—(1) These Regulations may be cited as the Nicotine Inhaling Products (Age of Sale and Proxy Purchasing) Regulations 20xx.

(2) Regulations 1 and 2 come into force on ....

(3) Regulations 3 to 6 come into force on .....

(4) In these Regulations—

"marketing authorisation" has the meaning given by regulation 8(1) of the Human Medicines Regulations 2012([2]);

"medical device" has the meaning given by regulation 2(1) of the Medical Devices Regulations 2002([3]);

"medicinal product" has the meaning given by regulation 2(1) of the Human Medicines Regulations 2012;

"nicotine cartridge" means a cartridge which—

(a) contains a substance which is not tobacco but consists of, or contains, nicotine; and

(b) is intended to form part of a nicotine inhaling device;

"nicotine inhaling device" means a device which—

(a) is intended to enable nicotine to be inhaled through a mouth piece (regardless of whether the device is also intended to enable any other substance to be inhaled through a mouth piece); but

(b) is not tobacco([4]), cigarette papers or a device intended for the consumption of lit tobacco;

"nicotine inhaling product" means a nicotine inhaling device, nicotine cartridge or nicotine refill substance;

"nicotine refill substance" means a substance which—

(a) is not tobacco but consists of or contains nicotine; and

(b) is intended to be used to refill a nicotine inhaling device;

"parallel import licence" has the meaning given by regulation 48(2) of the Human Medicines Regulations 2012;

---

([2]) S.I. 2012/1916. Relevant amendments were made by S.I. 2013/235, 1855, 2593, 2014/490, 1878.

([3]) S.I. 2002/618. Relevant amendments were made by S.I 2008/2936.

([4]) See the definition of "tobacco" at section 92(12) of the Children and Families Act 2014.

"prescription only medicine" has the meaning given by regulation 8(1) of the Human Medicines Regulations 2012.

**Proxy purchase of nicotine products**

**2.**—(1) Section 91 of the Children and Families Act 2014 (purchase of tobacco etc. on behalf of persons under 18) is amended in accordance with paragraphs (2) to (4).

(2) In the heading, before "etc." insert "nicotine products".

(3) In subsection (1), for "or cigarette papers" substitute "cigarette papers or a relevant nicotine product".

(4) After subsection (7) add—

"(8) In this section "relevant nicotine product" means a nicotine product within the meaning of section 92 the sale of which at the same time and in the same circumstances to the individual aged under 18 would be prohibited by regulations for the time being in force under subsection (1) of that section."

**Prohibition of sale of nicotine inhaling products to persons aged under 18**

**3.** — The sale of nicotine inhaling products to persons aged under 18 is prohibited, except where regulation 4 or 5 applies.

**Exception for sales of medicines and medical devices in accordance with a prescription etc.**

**4.**—(1) This regulation applies to the sale of a nicotine inhaling product where—

(a) the nicotine inhaling product is a medicinal product or a medical device; and

(b) the circumstances of the sale are such that it would be permitted under Part 12 of the Human Medicines Regulations 2012 (dealings with medicinal products) if the nicotine inhaling product were a prescription only medicine.

(2) For the purposes of sub-paragraph (1)(b), Part 12 of the Human Medicines Regulations 2012 is to be read as if regulation 244 (exemption in cases involving another's default) were omitted.

**Exception for medicines indicated for the treatment of persons aged under 18**

**5.**—(1) — This regulation applies to the sale of a nicotine inhaling product which—

(a) is an authorised medicinal product; and

(b) is indicated for the treatment of persons of the age of the person to whom the product is sold.

(2) For the purposes of this regulation—

(a) a product is indicated for the treatment of persons of a particular age if that indication is described in the summary of the product characteristics for the product in accordance with paragraph 27 of Schedule 8 to

the Human Medicines Regulations 2012 (summary of the product characteristics) or Article 11 of Directive 2001/83/EC([5]);

(b) "the summary of the product characteristics" is to be construed in accordance with Article 11 of Directive 2001/83/EC;

(c) a medicinal product is "authorised" if one of the following is in force for the product—

(i) a marketing authorisation; or

(ii) a parallel import licence.

**Amendment of Schedule 3 to the Regulatory Enforcement and Sanctions Act 2008**

**6.** — In Schedule 3([6]) to the Regulatory Enforcement and Sanctions Act 2008([7]) (enactments specified for the purposes of Part 1), at the appropriate place insert—

"Children and Families Act 2014 (c.6), section 92".

Signed by authority of the Secretary of State

([5]) Directive 2001/83/EC of the European Parliament and of the Council of 6 November 2001 on the Community code relating to medicinal products for human use. OJ No L 311, 28.11.2001

([6]) Schedule 3 was amended by Part 4 of Schedule 22 to the Marine and Costal Access Act 2009 (c.23), paragraphs 97 and 99 of Schedule 26 and Part 1 of Schedule 27 to the Equality Act 2010 (c. 15) (as amended by SI 2010/2279, Schedule 1, paragraph 6 and Schedule 2), paragraph 130 of Schedule 7 to the Charities Act 2011 (c. 25), paragraph 4(1) and (2) of Schedule 6 and Part 1 of Schedule 8 to S.I. 2010/2960, section 19(2) of the Scrap Metal Dealers Act 2013 (c.10), paragraphs 12 and 13 of Part 1 of the Schedule to S.I. 2013/1575, regulation 2 of S.I. 2013/2215 and paragraph 10 of Schedule 4 to the Mobile Homes (Wales) Act 2013 (anaw 6).

([7]) 2008 c.13.

# સૂચી B

## પ્રાસ્તાવિક નિયમનો તેમજ વ્યવસાયો પર પડનારી અસરોના મૂલ્યાંકન વિશે મંત્રણાના પ્રશ્નો

1. નિયમનોમાં આપવામાં આવેલી નિકોટીન સૂંઘવાના ઉત્પાદનોની વ્યાખ્યા અંગે તમારાં કોઈ સૂચનો કે ટીપ્પણી છે?

2. દવાઓ અથવા તબીબી સાધનો હોય તેવાં નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનો માટેના પ્રસ્તાવોના બારામાં તમારાં કોઈ સૂચનો કે ટીપ્પણી છે ?

3. નિયમનોમાં સૂચવવામાં આવેલ અમલબજાવણીની ગોઠવણો વિશે ,તમારાં કોઈ સૂચનો કે ટીપ્પણી છે અથવા અમલબજાવણીના ખર્ચ ઉપરના પુરાવા વિશે તમારાં કોઈ મંતવ્યો છે ?

4. હાલમાં તમાકુની પ્રોક્સી ખરીદીના ગુનાની જોગવાઈ લંબાવીને નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનોને તેમાં આવરી લેવાના પ્રસ્તાવ ઉપર તમારાં કોઈ સૂચનો કે ટીપ્પણી છે ?

5. 18 વર્ષથી નાની ઉંમરનાં લોકો દ્વારા ઈ-સિગરેટ્સનો ઉપયોગ ધૂમ્રપાન શરૂ કરવા કે તે બંધ કરવાના એક પ્રવેશદ્વાર તરીકે કરવામાં આવતો હોવાના તમારી પાસે કોઈ વધારે પુરાવા છે ? દાખલા તરીકે, ઈ-સિગરેટ્સ વેચવાની ઓછામાં ઓછી ઉંમર લાગુ પાડવાની અસર 18 વર્ષથી નાની ઉંમરનાં હાલનાં વાપરનારાં પર કેવી પડશે ?

6. નિકોટીન સૂંઘવાનાં ઉત્પાદનોના વેચાણ પર મર્યાદા મૂકવાથી આરોગ્યની અસમાનતાઓ ઘટાડવામાં યોગદાન મળી રહેશે અને/અથવા તે ઈક્વોલીટી એક્ટ 2010 હેઠળ અમારી ફરજો પૂરી કરવામાં મદદ કરશે એવા તમારી પાસે કોઈ વધારાના પુરાવા છે ?

7. મંત્રણાના તબક્કે કરવામાં આવતા અસરના મૂલ્યાંકનમાં માહિતી મળી રહે તે માટે તમારી પાસે કોઈ જાણકારી કે પુરાવા છે? નફામાં પડનારી કોઈ પણ ખોટના અમારા મૂલ્યાંકન સહિત, વેપારીઓ, ઉત્પાદકો તેમજ વિતરકો પર પડનારી અસરોના સંબંધમાં અમે કરેલી કોઈ પણ પૂર્વધારણાઓ કે અંદાજોમાં સુધારા કરી શકાય તેવા કોઈ પણ પુરાવાઓ તેમજ માહિતીને અમે ખાસ કરીને આવકારીએ  છીએ.

8. શું તમારી પાસે એવી કોઈ માહિતી કે પુરાવા છે જેનાથી અમે આ પ્રાસ્તાવિક નિયમનોની નાના અને સાવ જ નાનકડા ધંધાઓ ઉપર પડનારી અસરના સંદર્ભમાં જે ધારણાઓ કરેલી છે તેમાં સુધારા થઈ શકે તેમ હોય?

9. નિયમનોના કાચા લખાણ –ડ્રાફ્ટમાં સુધારો કરી શકાય તેમ તમને લાગતું હોય તેવું બીજું કશું તમે અમને કહેવા માગો છો?

1 Britton, J. and Bogdanovica, I. (2014). ઈલેક્ટ્રોનિક સિગરેટ્સઃ પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલો એક અહેવાલ. અહીંથી મળી શકશેઃ
www.gov.uk/government/uploads/system/uploads/attachment_data/file/311887/Ecigarettes_report.pdf

2 એક્શન ઓન સ્મોકિંગ એન્ડ હેલ્થ (2014). *ASH નું સંક્ષિપ્ત વર્ણનઃ* ઈ-સિગરેટ. અહીંથી મળી શકે છેઃ
www.ash.org.uk/files/documents/ASH_715.pdf

3 સ્ટેશનરી ઓફિસ (2012) ધ હ્યુમન મેડીસીન્સ રેગ્યુલેશન્સ 2012 (SI 2012/1916)

4 એક્શન ઓન સ્મોકિંગ એન્ડ હેલ્થ (2014) ASH દ્વારા સંક્ષિપ્ત વર્ણનઃ ગ્રેટ બ્રિટનમાં ઈલેક્ટ્રોનિક સિગરેટનો વપરાશ. અહીંથી મળી શકે છેઃ www.ash.org.uk/files/documents/ASH_891.pdf

5 વેલ્શ સરકાર (2014) *વેલ્સમાં 10-11 વર્ષનાં બાળકોએ ગાડીઓમાં બીજાંની સિગરેટના ધુમાડા શ્વાસમાં લેવા અને ઈ-સિગરેટ વપરાતાં જોવીઃ CHETS Wales 2 મુખ્ય સંશોધનો ઉપરનો અહેવાલ*

6 Hardcastle, K. and Bennett, A. (2014). *"હું જાણું છે તે મોટાભાગનાં લોકો પાસે તે છે" ઈલેક્ટ્રોનિક સિગરેટ વિશે યુવાન લોકોની સમજ અને અનુભવ.* લિવરપૂલ જ્હોન મોર્સ યૂનિવર્સીટી, લિવરપૂલમાં સેન્ટર ફોર પબ્લિક હેલ્થ

7 Juang, J. et al. (2014). "ટ્વીટર ઉપર ઈલેક્ટ્રોનિક સિગરેટ્સના વ્યાપારી પ્રચારનું અંતર-વિભાગીય પરીક્ષણ" *Tobacco Control* 2014; 23, pp.iii26-iii30. માં

8 Hardcastle, K. and Bennett, A. (2014). *"હું જાણું છે તે મોટાભાગનાં લોકો પાસે તે છે" ઈલેક્ટ્રોનિક સિગરેટ વિશે યુવાન લોકોની સમજ અને અનુભવ.* લિવરપૂલ જ્હોન મોર્સ યૂનિવર્સીટી, લિવરપૂલમાં સેન્ટર ફોર પબ્લિક હેલ્થ.

9 Davies, S. (2013). *ચીફ મેડિકલ ઓફિસરનો વાર્ષિક અહેવાલ 2012 – આપણાં બાળકો બહેતરને લાયક છેઃ* રોકથામ યોગ્ય છે. ડીપાર્ટમેન્ટ ઓફ હેલ્થ, લંડન. અહીંથી મળી શકે છેઃ
www.gov.uk/government/uploads/system/uploads/attachment_data/file/255237/2901304_CMO_complete_low_res_accessible.pdf

10 રોયલ કોલેજ ઓફ ફીઝીશ્યન્સ (2007). નિકોટીન બંધાણમાં થતા નુક્સાનમાં ઘટાડોઃ જે લોકો તે છોડી ન શકે તેમને મદદ કરવી. RCP, London.

11 Gervais, A., et al. (2006). "*કિશોરાવસ્થાનાં લોકોમાં સિગરેટ વાપરવાનું શરૂ કરવાના સ્વભાવિક સમયમાં આવતાં મહત્ત્વનાં સૂચકો.*" કેનેડીયન મેડિકલ અસોસિએશન જર્નલ. 175(3), pp.255-261.

12 Counotte, D. et al. (2011). "કિશોરવાસ્થામાં પ્રેરણાત્મક પદ્ધતિનો વિકાસ અને નિકોટીનને કારણે પડતી ખલેલ પ્રત્યે તેની સંવેદનશીલતા "*Developmental Cognitive Neuroscience;* 2011; 1 (2011), માં ,પાનાં 430-443.

13 Dutra, L. and Glantz, S. (2014). "ઈલેક્ટ્રોનીક સિગરેટ અને પરંપરાગત સિગરેટ્નો અમેરીકાનાં કિશોરાવસ્થાનાં લોકોમાં વપરાશ આંતર-વિભાગીય અભ્યાસ" *JAMA Pediatrics* 2014; 168(7), માં ,પાનાં 610-617.

14 અહીંથી મળી શકે છેઃ www.legislation.gov.uk/ukpga/2014/6/section/92

15 લેવલ 4ઉપર દંડની રકમ હાલમાં £2,500 સુધી છે .

16 ઈક્વોલીટી ડ્યુટીને અધીન રહેલી સંસ્થાઓએ પોતાની સેવાઓ પૂરી પાડતી વખતે અને પોતાનાં કાર્યો પૂરાં કરતી વખતે ,નીચેની જરૂરતો પ્રત્યે યોગ્ય ધ્યાન આપવું જ જોઈએઃ

- ગેરકાનૂની ભેદભાવ ,હેરાનગતી, ભોગ બનાવવાં તેમજ એક્ટ હેઠળ મનાઈ ફરમાવવામાં આવી હોય તેવી બીજી કોઈ પણ વર્તણૂંક નાબૂદ કરવી ;

- અમુક ચોક્કસ સુરક્ષિત લાક્ષણિકતા એકસમાન હોય તેવાં લોકો અને એકસમાન ન હોય તેવાં લોકો વચ્ચે તકોની આગળ પડતી સમાનતા; અને
- અમુક ચોક્કસ સુરક્ષિત લાક્ષણિકતા એકસમાન હોય તેવાં લોકો અને એકસમાન ન હોય તેવાં લોકો વચ્ચે સારા સંબંધોને પોષવા.

જાહેર ક્ષેત્રની સમાનતાની ફરજમાં ઉંમર, અસમર્થતા, લિંગ પરિવર્તન, સગર્ભાવસ્થા તેમજ માતૃત્વ, વર્ણ (વંશમૂળ અથવા રાષ્ટ્રિય મૂળ, રંગ અથવા રાષ્ટ્રિયતા સહિત), ધર્મ અથવા માન્યતા (માન્યતા ન હોવા સહિત), જાતિ તેમજ જાતીય અભિગમની સુરક્ષિત લાક્ષણિકતાઓને આવરી લેવામાં આવે છે. તે લગ્ન તેમજ સિવિલ પાર્ટનરશીપ હોદ્દાઓને પણ લાગુ પડે છે, પરંતુ ભેદભાવ નાબૂદ કરવાની જરૂરત પ્રત્યે યોગ્ય ધ્યાન આપવા માટેની શરતના સંબંધમાં જ.

17 તે અહીંથી મળી શકે છેઃ www.gov.uk/government/organisations/department-of-health/about/personal-information-charter